






સંઘના ચૂલા પર એ સ્વાર્થની ખીચડી રાંધે છે,
ભાર બધો 'એ' એંકૌંટરીયા ગુનેગારની કાંધે છે,
સાધે છે સ્વાર્થ અંગત, ને મોટી મહત્ત્વાકાંક્ષાઓ -
વચન ને વાયદાના એ હવાઇ કિલ્લા બાંધે છે..
(અમેરિકી મિડિયાની સ્પષ્ટ વાત)

સાથીઓ ભોગે
ઉદ્યોગપતિ સાથે -
સ્વ નો વિકાસ
(પક્ષ પર પંજો)

કાપેલી પાંખે,
દિલ્હી સરકારનો -
તરફડાટ
(વિધાનસભા-ઠરાવ)




## ચિંતન

**વ્યાધિ તસ્યાર્થે હી નસ્ય દેશાન્તતર ગતસ્ય ચ । નરસ્ય શોકદગ્ધસ્ય સુહૃદ દર્શનમૌષધમ્ ॥**

રોગી, નિર્ધન, પરદેશમાં રહેનાર અને શોકના પરિતાપમાં બળતા માણસને માટે મિત્રનું મળવું - દર્શન થવાં એ જ મોટું ઔષધ છે.

રોગમાં માણસ એકલતા અનુભવે છે. કુટુંબીજનો સેવા કરે, પણ દરેકને પોતાની પ્રવૃત્તિઓ અને કર્તવ્યો હોય, મળવા આવનારાં પણ એકાદવાર ખબરઅંતર પૂછી જાય પણ - મિત્ર તો સાથ-સહારો આવા રોગીને ખૂબ જ ટેકો રુપ બને છે.

જે નિર્ધન હોય એને - સમૃદ્ધિકાળમાં સાથ આપનારા - સાથે રહેનારા મિત્રો હવે આની પાસે કંઇ છે નહીં અને આપણને કંઇ મળશે નહીં એમ સમજી નિર્ધનનો સાથ છોદી દે છે આવા સમયે પણ સારો-સાચા મિત્રના દર્શન આનંદ આપે છે.

વિદેશી ધરતી પર-પરદેશમાં જ્યારે માણસ પોતાના પરિવાર-સમાજથી ખૂબ દૂર હોય અને હ્દયથી એકલતા અનુભવતો હોય ત્યારે વિદેશમાં મિત્રનું મળી જવું ખૂબ જ આનંદદાયક બને છે.

માણસ બધી બાજુથી ચિંતા અને આપત્તિથી ઘેરાયેલો હોય - 'મારું કોઇ નથી' એવી અનુભૂતિ થતી હોય ત્યારે મિત્રના સાથ-સહાય-હાજરી આનંદપ્રદ બને છે.

## સુવિચાર

- મૂરખ બનવાનાં બે રસ્તા છે, એક જે સાચું નથી તે માની લેવું, બીજો, જે સાચું તે માનવા ઇન્કાર કરવો - **માનસસૂત્ર**
- તમે સામેવાળાને ચૂપ કર્યો, એથી કંઇ એ તમારા મત સાથે સહમત નથી થઇ જવાનો - **એસ. ભટ્ટાચાર્ય**
- સૃષ્ટિ પ્રભુનો વ્યાપાર અને કાર્ય છે - **ચંદ્રકાન્ત બક્ષી**
- ઉપદેશ કરતાં વધુ આપણે અનુકરણથી વધુ ગ્રહણ કરી શકીએ છીએ - **કાકાસાહેબ કાલેલકર**
- બીજાની નિંદા કરીને કોઇ એ ક્યારેય કંઇ જ મેળવ્યું નથી, જેણે સ્વયં પોતાની જાતને સુધારી તેણે બધું જ મેળવ્યું છે - **સંત રોબિન**
- પ્રલોભન એક એવી તીવ્ર આંધી સમાન છે, જે મજબૂત ચારિત્રને પણ મ્હાત કરવાની ક્ષમતા ધરાવે છે - **રમણ મહર્ષિ**
- બાળકોને જે સંસ્કાર-શિખામણ આપીએ છીએ તેનો જો વડીલો અમલ શરુ કરે તો આ સંસાર જ સ્વર્ગ સમાન બની જશે - **અખંડ આનંદ**

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધ કથા

આપણા જૂના રિવાજો માટે તે વખતનું મહત્ત્વનું હતું સામાજીક જરૂરિયાત હતી. દા.ત. જૂનાં કૌટુંબિક વેરઝેરને કારણે યુવાન વરરાજાની હત્યા કરી બદલો લેવાતો તેથી વરરાજા સ્વ-બચાવ માટે તલવાર રાખતા હતા. હવે આજે કટાયેલી - મ્યાનમાંથી કદી બહાર ન આવી હોય તેવી તલવાર - આજનો યુવાન વરરાજ હજુ રાખે છે?!

એક આશ્રમના ઘણા શિષ્યો હતા ત્યાં એક હેવાયેલી બિલાડી રોજ બપોરે આવતી અને શિષ્યોના આશ્રમના એઠાં વાસણ ચાટતી -સ્વામીજીએ શિષ્યોને આદેશ આપ્યો. દરરોજ જમ્યા પહેલાં સાંજ સુધી (વાસણ ધોવાઇ-સૂકાઇ ન જાય ત્યાં સુધી) બિલાડી આ રસોડાં પાસેના લીમડાના થડ પાસે બાંધી રાખવી. આ ક્રમ ચાલ્યો.

સ્વામીજી ઘણા વર્ષો પછી મૃત્યુ પામ્યા અને શિષ્યો પણ નવા-નવા આવતા ગયા; પણ બિલાડી બાંધવાનો રિવાજ ચાલુ રહ્યો. વર્ષો પછી એ બિલાડી પણ મરી ગઇ. હવે આશ્રમમાં કોઇ બિલાડી આવતી જ ન હતી.

એક વાર કંઇક 'ફૂડ પોઇઝન' થી આશ્રમના શિષ્યોને ઝાડા-ઉલ્ટી થયા એક જુની સેવિકા વૃદ્ધાએ કહ્યું, સ્વામીજી દરરોજ જમ્યાં પહેલાં બિલાડી બંધાવતા હતા - હવે એ પ્રથા બંધ થઇ ગઇ છે. તેથી આ બિમારી થઇ લાગે છે.

તરત બિલાડી ખરીદવામાં આવી અને લીમડે બાંધી રાખી!!

Email - sureshchandrabhatt18@gmail.com

# વિડાલ ટેસ્ટ કયા રોગના નિદાન માટે કરવામાં આવે છે?

### માનવીય રોગો

(૧) લ્યૂકેમિયા પિડીત વ્યક્તિને કયો ટેસ્ટ કરાવવો પડતો હોય છે?
(અ) બોનમેરો ટેસ્ટ (બ) એલીઝા ટેસ્ટ
(ક) બ્લડ ટેસ્ટ (ડ) યુરીન ટેસ્ટ

(૨) એન્જાઈમર કયા અંગની બિમારી છે?
(અ) લીવર (બ) મગજ
(ક) કીડની (ડ) હ્દય

(૩) કવોશિયોરકર અમને મેરાસ્મસ એ કયા પ્રકારના રોગ ગણાય છે?
(અ) માનસિક બિમારી (બ) શ્વસનતંત્રની બિમારી
(ક) કુપોષણ (ડ) જાતીય સંલગ્ન બિમારી

(૪) ડિપ્થેરીયા, ધર્નુવા, ઉટાંટીયા જેવા રોગો માટે કઈ રસી અપાય છે?
(અ) પોલિયો રસી (બ) એન્ટીવિરમ શીરપ
(ક) હડકવાની રસી (ડ) ત્રિગુણી રસી

(૫) 'બર્ડ ફલ્યુ' રોગ શાનાથી થાય છે?
(અ) વાઈરસ (બ) બેકટેરીયા
(ક) જીવાણું (ડ) ચાંચડ

(૬) વિડાલ ટેસ્ટ કયા રોગના નિદાન માટે કરવામાં આવે છે?
(અ) લ્યુકેમિયા (બ) એઈડ્સ
(ક) ટાઈફોઈડ (ડ) કેન્સર

(૭) બળીયાનો રોગ કયા વિષાણુઓથી થાય છે?
(અ) લેકટોબેસીલસ (બ) ઝેન્થોમોનાસ સીટ્રી
(ક) માઈક્રોબ્સ (ડ) ટ્યુબર ક્યુલોસીસ

(૮) વિટામીન બી-૬ની ખામીથી કયા રોગની સંભાવના રહે છે?
(અ) બેરીબેરી (બ) વંધત્વ
(ક) રતાંધળાપણું (ડ) પાંડુ રોગ

(૯) માનવ શરીરમાં ધમનીઓ કઠણ થઈ જાય તે રોગને શું કહે છે?
(અ) આર્ટરીયો સ્કલેરોસીસ (બ) આર્ટરી ફેઈલ
(ક) આર્ટરી ડીસીસ (ડ) આર્ટરી બ્લોકીંગ

(૧૦) સિફિલીસ રોગ માટે કયા બેકટેરિયા જવાબદાર છે?
(અ) નાઈટ્રોફાંઈગ બેકટેરીયા (બ) ટ્યુબર ક્યુલોસીસ
(ક) ઝેન્થોમોનાસ સીટ્રી (ડ) ટ્રાઈપોનમા પૈલિડિયમ

(૧૧) સૂર્યના કિરણોની મદદથી રોગ નિદાન કરવાની પદ્ધતિને શું કરે છે?
(અ) હિલીયો થેરાપી (બ) સન થેરાપી
(ક) લાઈટ થેરાપી (ડ) વોર્મ થેરાપી

(૧૨) એમ્ફીસેમા કયા રોગનો વ્યાધિ છે?
(અ) મગજ (બ) ફેફસાં
(ક) આંતરડી (ડ) યકૃત

(૧૩) દર્દીના શરીરમાંથી વધારાનું યુરિયા દૂર કરવા કયું સાધન વાપરતા હોય છે?
(અ) કાર્ડીઓગ્રામ મશીન (બ) ડાયાલીસીસ મશીન
(ક) હિમોડાયેલાઈઝર (ડ) ઈન્કયુબેટર

(૧૪) ધુમ્રપાન અને કેન્સર વચ્ચે સંબંધ છે તેવું કોણે સાબિત કર્યું હતું?
(અ) રીચાર્ડ ડોલ (બ) એડવર્ડ જેનર
(ક) રૂથર્ડ ફોર્ડ (ડ) રોબર્ટ બોઈલી

(૧૫) જાપાનમાં પાણીમાં પારો ભળવાથી કયો રોગ થયો હતો?
(અ) ટાઈફોઈડ (બ) મીનીમાતા રોગ
(ક) કોલેરા (ડ) પ્લેગ

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ**

- ૨૯ મે ૧૯૨૯ — પીટર હિગ્સ - તેઓ ઈંગ્લીશ ભૌતિકશાસ્ત્રી છે, હિગ્સ ફિલ્ડ થિયરી આપનાર, કણ અને તેની ગતિ સંબંધિત સંશોધન કરનાર
- ૨૯ મે ૧૯૧૨ — ચેઈન શ્યુંગ વું - ચાઈનામાં જન્મેલા અમેરીકન વૈજ્ઞાનિક, પરમાણું ન્યુક્લિયર ઈફેક્ટ પર સંશોધન કરનાર ભૌતિકશાસ્ત્રી
- ૩૦ મે ૧૯૧૨ — ઝૂલીયસ એક્ષલરોડ - અમેરીકન બાયોકેમીસ્ટ તથા ફાર્માકોલોજીસ્ટ, ૧ જૂનહોર્મોન્સના ફોર્મેશન પર સંશોધન બદલ. ૧૯૭૦માં નોબેલ પ્રાઈઝ મળ્યું.
- ૩૦ મે ૧૯૦૯ — નોરીસ ઈ. બ્રડલરી - અમેરીકન ભૌતિકશાસ્ત્રી ન્યુક્લિઅર વેપન્સના પાર્ટ્સની એસેમ્બલી કરનાર
- ૩૧ મે ૧૯૩૦ — રોન ટુમર - અમેરીકન એન્જી. એપોલો એરક્રાફટ હીટશીલ્ડ ડિઝાઈન કરનાર વૈજ્ઞાનિક
- ૩૧ મે ૧૯૧૨ — માર્ટીન સ્વેત્ઝચીલ્ડ - જર્મન - અમેરીકન ખગોળશાસ્ત્રી, સોલાર રેડિયેશન પર સંશોધન કરનાર
- ૧ જૂન ૧૮૯૯ — એડવર્ડ ચાર્લ્સ ટિચમાર્સ - ઈંગ્લીશ મેથેમેટીશીયન 'કોમ્પલેક્ષ વેરીયેબલ' પર કામ કરનાર ગણીતશાસ્ત્રી
- ૧ જૂન ૧૮૮૬ — ચાર્લ્સ બેન્ડીકટ ડેવનપોર્ટ - અમેરીકન જુઓજીસ્ટ, જીવોની વસ્તી વૃદ્ધિ પર કાર્ય કરનાર
- ૨ જૂન ૧૮૨૨ — કલેર કેમરોન પેટરસન - અમેરીકન જીઓકેમીસ્ટ, પૃથ્વીની ઉંમર ૪.૫૫ બિલીયન વર્ષ છે તેવું પ્રસ્થાપિત કરનાર
- ૨ જૂન ૧૯૦૭ — એડવીન જે. સોએમકર - અમેરીકન સંશોધક અને એન્જીનીયર 'રીકલીનર ચેર' બનાવનાર



**ખજાનો**

- ડૉ. અનિલ પટેલ
anilbhaikpatel@gmail.com

- ૩ જૂન ૧૯૦૪ — ચાર્લ્સ રીચાર્ડ ડ્યુ - બ્લેક -અમેરીકન તબીબ અને સર્જન - માનવ રક્તના સંગ્રહની પદ્ધતિ વિકસાવનાર
- ૩ જૂન ૧૮૯૯ — જયોર્જ વોન બેકેસી - હંગેરીયન - અમેરીકન ભૌતિક વિજ્ઞાની, ૧૯૬૧માં નોબલ પ્રાઈઝ વિજેતા
- ૪ જૂન ૧૮૮૦ — બેનો ગુટન બર્ગ - અમેરીકન સિસ્મોલોજીસ્ટ 'ધરતીકંપ'ના તરંગો પર સંશોધન કરનાર
- ૪ જૂન ૧૮૮૦ — ઈલિયોટ બ્લેકવેન્ડર, અમેરીકન જીઓલોજીસ્ટ 'જીઓમાર્ફોલોજી' પર વિશેષ સંશોધન કરનાર

### ગયા સપ્તાહનો સવાલનો જવાબ

**સવાલ - કયા આઇએએસ અધિકારીની મેટ્રો રેલ પ્રોજેક્ટમાં ભ્રષ્ટાચાર કરવા બદલ ધરપકડ થઇ છે?**

**જવાબ - સંજય ગુપ્તા**

### સાચા ઉત્તર આપનાર પત્ર મિત્રો

(૧) નટુભાઈ દરજી : પેથાપુર
(૨) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨
(૩) એન.એન. પાઠક : સે-૨૨, ૧૨૬/૧, ચ-ટાઈપ
(૪) જયેન્દ્ર એન. પાઠક : સે-૬બી, ૬૨૦/૧
(૫) નિરીશ એ. જરદોષ : સે-૨બી
(૬) ધાર્મિક એસ. પટેલ : ગાયત્રી રેસીડેન્સી, ધોળેશ્વર
(૭) મહેશભાઈ એમ. જાદવ : સે-૩૦
(૮) મૂળજીભાઈ પરમાર 'દધિ' - સે-૭

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**પાટણ જિલ્લાનું ચાણરકા કયા પ્રોજેક્ટ માટે જાણીતું છે?**

**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

### સાચા જવાબો

(૧) અ (૨) બ (૩) ક (૪) ડ (૫) અ (૬) ક (૭) બ (૮) ડ (૯) અ (૧૦) ક (૧૧) અ (૧૨) બ (૧૩) ક (૧૪) અ (૧૫) બ

# માનવતાના મશાલચી - કેશુમિયાં ઘાસવાલા

(કાલથી આગળ...)

કેશુમિયાંનું કુટુંબ - રાબિયાબીબી, અયુબ અને સિરાઝ, માખનેય મારે નહીં એવો અલ્લાનો આદમી કેશુમિયાં આજે કસોટીના કાળચક્રમાં ફસાઇ ગયો હતો. એને એમ કે મેં કયાં કોઇનું કશુંય બગાડયું છે કે દિલ દુભવ્યુ છે? પણ એવું નથી હોતું. ધર્મનું ઝઝૂન માણસને પાગલ બનાવી દે છે.

વર્ષ ૨૦૦૨નું વર્ષ નરસંહારના દાવાનળમાં ઓગળી ગયું. શહેરો અને ગાંમડાં સુદ્ધા સળગી ઉઠયા. નરોડા-પાટિયા જયાં મોટેભાગે એક જ કોમની વસ્તી વધારે એ અન્ય વિધર્મીઓને નજરે ચડી. મારો... કાપો... સળગાવો - જવા ના દો. બસ આગ હિંસાનું તાંડવ. નરોડાનો કુંભારવાડો એમાંથી બાકાત રહી શકે ખરો?

અહીં કેશુમિયાંને ખબર પડી કે નરોડા પાટિયા સળગી રહ્યું છે. ૨૮મી ફેબ્રુઆરી-૨૦૦૨નું એ ગોઝારું ટાણું. રાબિયાબીબી, અયુબ અને સિરાઝ વળી એમના પુત્રો જીવ બચાવવા માટે ગાંધીનગર આવવા નીકળી રહ્યાં છે. એમ્બેસેડર ગાડીમાં. આઠ-આઠ જણાં. રાબિયા બીબી (૫૦) અયુબ (૩૦), સિરાઝ (૨૮), અયુબની બીબી મુમતાઝ (૨૪), સિરાજની બીબી નુરજહાં (૨૪), અયુબની બે દીકરીઓ સકીના (૫), મદીના (૩) અને સિરાઝનો દીકરો સદ્દામ હુસેન (૩). ગાડી નં. જીસીબી-૯૪૯૬ ખલાસ...!!! જીવન પર પડદો પડી ગયો. સવારના ૧૦.૦૦ નો સમય હશે, એ આઠેય જણાને ગાડી સહિત ટોળાંએ જીવતાં જ ભૂંજી દીધાં.

કેશુમિયાંને મોડે મોડે ખબર પડી. જેવી અલ્લાની મરજી - કહી મન મનાવી લીધું એમને. જેમના કુટુંબનાં આઠ-આઠ માણસોને જીવતાં જલાવી દેવામાં આવ્યા હોય એની વેદના અન્યને કેમ સમજાય? પણ દુ:ખનું ઓસડ દહાડા - સમય બળવાન છે. જનજીવન થાળે પડતું જાય છે. ધીમે ધીમે બધું ભૂલાતું જાય છે ને જનજીવન વળી પાછું ધબકવા લાગે છે. માણસજાતને ભૂલવાનું આપીને ઇશ્વરે મોટો ઉપકાર કર્યો છે! દુ:ખને એ ભૂલાવી દે છે.

## પૂણ્ય પરવાર્યું નથી....

સમય તો વહેતું ઝરણું છે. ૧૦મી જૂન - ૨૦૧૩ ઉત્તરાખંડની પવિત્ર ભૂમિમાં ભૂસ્ખલન અને વાદળ ફાટવાને કારણે ભયંકર હોનારત સર્જાય છે. હજારો યાત્રિકો, ઘોડાવાળા, ડોલીવાલા, નાની હાટડીઓવાળા, પૂજાપા કે ધાબળા, સ્વેટર વેચવાવાળા દુકાનદારો- ફેરિયાઓ કાળની ઝપટમાં હોમાઇ ગયા. ભયંકર આંધી સાથે ભૂસ્ખલન અને વાદલ ફાટવાને કારણે બધું ખાનાખરાબ થઇ ગયું! દેશ આખો હચમચી ઊઠ્યો. રાહતકામો શરું થયા. સતત ઝિંકાતો વરસાદ, ધસી પડતી ભેખડો, પૂરમાં તણાતાં જતાં ગામડાંઓ અને પશુધન. રાહત પહોંચાડવી એ પણ મુશ્કેલ કામ. જબરી મોટી જાનહાનિ થઇ હતી.

દેશની સેવાભાવી સંસ્થાઓએ આ આસમાની પડકાર ઝીલી લીધો. ગુજરાત એમાં બાકી રહે? એ તો હંમેશા આગળ જ હોય, ગુજરાતની પ્રજા સેવાધર્મી, એની મહાજન પરંપરા સેવા માટે જાણીતી. એ કેમ બેસી રહે?

મહેસાણા જિલ્લાના બાસણ ગામમાં આવેલી વિશ્વગ્રામ સંસ્થા આવા કામોમાં મોખરે જ હોય, એના સેવાધર્મી સંજય-તુલાએ આ ફડકાર ઝીલી લીધો. સદ્ભાગ્ય ગુજરાતનું છે કે આવા ચારેક સેવાધર્મી યુગલો અહીં વસે છે. એમાં સંજય-તુલા મોખરાના ગણાય. ટાંચા સાધનો. તાત્કાલિક સ્થળ પર પહોંચવાનું. વિપરીત હવામાન, ભૂસ્ખલન ચાલુ. મુશ્કેલ પરિસ્થિતિમાં યુવાન એન્જિનિયર સંજયે આ પડકાર ઝીલી લીધો. એમાં ધર્મપત્ની સેવાકર્મી તુલાનો પણ એટલો જ સાથ-સહકાર.

ભૂતકાળનો સેવાકામનો અનુભવ હતો. દક્ષિણ ભારતની સુનામી, કચ્છનો ધરતીકંપ, તાપીની રેલરાહત - કાશ્મીરનો આતંકવાદ - આસામનો આતંક સંજય-તુલાની સેવા ત્યાં બોલતી જ હોય! પણ અહીં? અહીં તો આભ ફાટ્યું છે. થોડાક સન્મિત્રો - સાથીઓને સાથે લઇ કેદારઘાટીની સહાય માટે ઉપડવા નિર્ધાર કર્યો. અનુભવ તો સાથે હતો જ! ત્યાં ઝડપથી પહોંચવું જરુરી જ નહીં આવશ્યક હતું. બધું જ વેરવિખેર. જનજીવન રોગચાળાગ્રસ્ત. તબીબી સહાયની તાતી જરુર. સંજયને થયું રેલવે દ્વારા જવામાં તો સમય લાગશે, વળી રિઝર્વેશન વગેરે જેવા પ્રશ્નો. 'વિશ્વાગ્રામ' સંસ્થા પાસે તો એક નાનું વાહન. એ લઇને જવા વિચાર્યું ત્યાં ત્યંથી સંદેશો આવ્યો : સંજયભાઇ! બને તો એકાદ એમ્બ્યુલન્સ લઇને આવો! માત્ર આડે એક જ દિવસ ને એમ્બ્યુલન્સની સગવડ કરવાની!

સંજયનો કોઇકે કહ્યું : કેશુમિયાને પૂછી જુઓ. એ આપે તો એમની પાસે મોટી આયસર ગાડી એમ્બ્યુલન્સમાં કામ આવે એમ છે. અલ્લાનો આદમી છે ના નહીં કહે. એમ્બ્યુલન્સમાં સગવડ પણ પૂરતી છે.

સંજયે વિચાર્યું, આ તો માનવતાનું કામ. કોણ ના પાડે... પણ મહિનો દોઢ મહિનો સેવાકામ ચાલે. એટલો લાંબો સમય કોઇ એમનું પોતાનું વાહન આપે ખરું? સંકોચ સાથે સંજયે કેશુમિયાંને ફોન જોડ્યો - ઉત્તરાખંડમાં આફત આવી છે, સેવાકર્મે જવું છે. તમારી એમ્બ્યુલન્સ ગાડી એકાદ માસ માટે આપી શકો? ક્ષણનો પણ વિચાર કર્યા વિના કેશુમિયાંએ પ્રતિસાદ આપ્યો : લઇ જાવને ભાઇ! સેવાના કામે મારી ગાડી વપરાય એથી બીજું શું ભલું! આ તો ધર્મનું કામ! મારી ઇચ્છા તો દહેરાદૂનથી ઉત્તરાખંડ જવાના માર્ગે ચા-નાસ્તાની લારી કરી લોકોને મફત સેવા આપવાની હતી પણ તબિયત ઠીક નથી શું કરું? પણ કેદારબાબા મારી સ્થિતિ સમજી ગયા હશે એટલે જ મને આવો ભલો વિચાર આવ્યો. તમ તમારે જરાય ચિંતા કર્યા વિના લઇ જાઓ. ગાડી જેટલી રાખવી પડે એટલી વખત રાખજો?

સંજયની આંખ ભીની થઇ એ અવાક્ થઇ ગયાં. એમને થયું કેદારબાબાના દર્શને કોઇ મુસલમાન તો નહીં ગયા હોય ને? એ તો હિન્દુધર્મની આસ્થાનું પ્રતીક. વળી આ જ કેશુમિયાંનાં કુટુંબનાં આઠ-આઠ જણાંને જીવતાં ભૂંજી નાખનાર વિધર્મીઓ... ને તોય... સંજયથી કંઇ બોલાયું નહીં. માત્ર હાથ જોડતાં રહ્યા. એમને થયું : કોણ મોટું? મારનાર કે ઉગારનાર? પાસે કેશુમિયાંનો યુવાન પુત્ર કમરુદ્દીન ઊભો હતો એ કહે : અબ્બાજાન, તમે ગાડી તો આપશો પણ ડિઝલ, પેટ્રોલનું શું? બાપથી બેટો સવાયો! સંજય અને કેશુમિયાંની આંખો દ્રવી ઉઠી.

... ને સંજય-તુલાના સાથીઓએ પૂરા દોઢ માસ સુધી એમ્બ્યુલન્સ ગાડીને ઉત્તરાખંડના સેવાકામમાં ઉપયોગ કર્યો. વેરવિખેર પડેલી લાશો. આફતમાં દર્દથી કણસતા અસહાય લોકો સૌના કામે એ ગાડી આવી. કહ્યું છે ને કે 'પુણ્યાત્માનાં ઊંડાણો તો આભ જેવા અગાધ છે.'

આ લખનારે જયારે કેશુમિયાંની રુબરુ મુલાકાત લીધી ત્યારે એમની આંખોમાં સદ્કાર્ય કર્યાનો સંતોષ વર્તાતો હતો. એ ગૌરવથી કહેતા હતા : "સાહેબ! હું ઇતિહાસ જાણું છું. અમે મૂળ તો સિદ્ધપુરના પુરોહિત. અમારી કુળદેવી મા અંબા મા! આજે ય હું કુરેશી - મૌલવી છું." કેશુમિયાં એકલા જ નહીં, આખું એમનું કુટુંબ શાકાહારી છે. વ્યસનનું તો નામનિશાન ન મળે? એકાદ કલાક એ માનવતાના મશાલચી સાથે ગાળ્યો એમના સેકટર-૨૪ ના ૭૨૫ નંબરના નિવાસસ્થાને.

પશ્ચિમની ક્ષિતિજે ઢળતો સૂરજ પણ માનવતાના એ પૂજારી કેશુમિયાં પર પ્રસન્ન જણાતો હતો.

**સૌજન્ય : 'આખંડ આનંદ' મે-૨૦૧૫**

**- ભાનુપ્રસાદ પુરાણી, પ્લોટ નં. ૧૦૩/૨, સેકટર-૨ (એ), ગાંધીનગર.**
**ફોન : (૦૭૯) ૨૩૨૨૫૦૨૬, કેશુમિયાં સંપર્ક : (મો) ૯૪૨૬૭૦૭૭૮૬**

# શિક્ષકે અને માતાપિતાએ પોતાના શિષ્ય/બાળકને ઉત્તમ દ્દષ્ટાંતો, બોધકથાઓ દ્વારા ઉચ્ચ સિદ્ધિ તરફ પ્રેરવા જોઈએ

માનવજીવનની પ્રત્યેક પ્રવૃત્તિ, વર્તન પાછલ કોઈને કોઈ પ્રેરણા જ કામ કરે છે. શિક્ષકે વર્ગખંડમાં, માતાપિતાએ ઘરમાં વિદ્યાર્થી/સંતાનોમાં અપેક્ષિત વર્તન પરિવર્તન લાવવા માટે તેમને ઈચ્છિત ધ્યેય તરફ ઉતપ્રેરિત કરવા ખૂબ જ જરુરી છે. શાળામાં શિક્ષકે અને કુટુંબમાં વડીલોએ પૂરી શ્રદ્ધાં, વિશ્વાસ સાથે સાચા હૃદયથી તેમને લક્ષ્ય પ્રત્યે હકારાત્મક અભિગમથી જાગૃત બનાવવા માટે 'પ્રેરણા'નું મનોવૈજ્ઞાનિક મૂલ્ય સમજવું જ રહ્યું.

પાંચ વર્ષની સુષ્માને તેના માતા-પિતા એમ કહે છે કે 'તું **Alphabets** શીખી જા એટલે નવું સુંદર દફતર લાવી આપીશ.' પંદર વર્ષની તેજસ્વી પ્રજ્ઞેશને ડેડી વ્હાલથી કહે છે. 'વાર્ષિક પરીક્ષામાં પ્રથમ ત્રણ નંબર મેળવીસ તો તને નવું મોપેડ લાવી આપીશ.' માર્ગરિટ મેડમે વર્ગખંડમાં કહ્યું - 'જો તમારામાંથી સુંદર **'Reading'** કરી બતાવશે તો પ્રથમ ત્રણને આ ત્રણ સુંદર ચિત્રો (વર્ગમાં ચિત્ર બતાવી) આપીશ.'

બસ, આ નાનીશી પ્રેરણા તેમનામાં નવો ઉત્સાહ પ્રેરી તેમની કાર્યશક્તિને ઈચ્છિત વર્તન માટે પ્રેરે છે. પ્રેરણા જ માનવને ગતિશીલ **(Dynamic)** બનાવે છે. ડૉ. પ્રતીમાએ કહ્યું છે. 'જેટલી પ્રેરણા તીવ્ર તેટલી વ્યક્તિ વધુ પ્રયત્નશીલ બને છે.' માટે જ વારંવાર વિદ્યાર્થીને/સંતાનને ઠપકો આપવાનું, અપમાનીત કરવાનું, નકારાત્મ પુનઃપુષ્ટિ આપવાનું ટાળવું જ જોઈએ. ઈલિઝાબેથ હરલોકે બાળકોને શાબાશી આપ્યા વિના, હકારાત્મક પુનઃપુષ્ટિ આપ્યા વિના કામ કરવાથી શું પરિણામ આવે છે તે અંગે નોંધપાત્ર સંશોધન કર્યા છે. તેમના અભ્યાસોથી એ ફલિત થયું છે હકારાત્મક પુનઃપૃષ્ટિ **(Positive Feed-back)** થી જ વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ, રૂચિ, કાર્ય કે ધ્યેય પ્રત્યેની ઉત્તેજના જાગૃત થાય છે, નહીં કે નકારાત્મક અભિગમથી. માટે માનવવર્તનનું માનવપ્રગતિનું **Heart** પ્રેરણા જ છે. એમ કહીએ તો અતિશયોક્તિ નથી.

## પ્રેરણા (Motivation)

- ડૉ. આર.જે. વ્યાસ

આમ, 'પ્રેરણા' વિદ્યાર્થી/વ્યક્તિને પોતાના ધ્યેય તરફ દોરી જતું ઘટક છે. મેકડોનાલ્ડ મતાનુસાર 'પ્રેરણા વ્યક્તિની અંદર થતું શક્તિ - પરિવર્તન છે જે વ્યક્તિમાં ભાવાત્મક જાગૃતિ અને ઉદેશપૂર્ણ પ્રતિક્રિયાઓ તરફ દોરી જાય છે.' પ્રેરણાની સાથે સાયુજ્ય શબ્દ 'પ્રેરકો' **(Motives)** છે. આ પ્રેરકો જે વ્યક્તિને કાર્ય કરવા માટે ઉત્તેજિત કરે છે. તેમનામાં ક્રિયાનો ગતિ-સંચાર કરે છે. તેમને ચોક્કસ દિશામાં કાર્ય કરવા 'ગતિશીલ ધક્કો' આપે છે.

પ્રેરણાની સાથે સાથે 'સિદ્ધિપ્રેરણા' **(Motivation-Achievemant)** ને પણ આપણે સમજવું પડશે. હાવર્ડ યુનિ.ના મેકલેલેન્ડે મનુષ્યની સફળતા, માનવ સિદ્ધિના રહસ્યોનો તાગ મેળવવા ખૂબ જ ચિંતન કરી સંશોધનો કર્યા છે. વ્યક્તિ વધારે પ્રતિકુળ સંજોગોમાં પણ માર્ગ કાઢી ઉચ્ચસિદ્ધિને વરે તેને સિદ્ધિપ્રેરણા કહી શકાય. દા.ત. શાળાના એક શિક્ષક લાલ બહાદુર શાસ્ત્રી, વડાપ્રધાનના પદ સુધી પહોંચ્યા તો આ ઉચ્ચસિદ્ધિ માટેની પ્રેરણાને 'સિદ્ધિપ્રેરણા' કહે છે. સિદ્ધિપ્રેરણા વ્યક્તિના વર્તનને ઉચ્ચત્તમ વિકાસ ભણી દોરી જનાર ઘટક છે. શિક્ષકે અને માતાપિતાએ પોતાના શિષ્ય/બાળકને ઉત્તમ દ્દષ્ટાંતો, બોધકથાઓ દ્વારા ઉચ્ચ સિદ્ધિ તરફ પ્રેરવા જોઈએ. રામકૃષ્ણ પરમહંસે સ્વામી વિવેકાનંદને, સંત રામદાસે શિવાજીને પ્રેરણા પૂરી પાડી ન હોત તો તે આટલી ઊંચી સિદ્ધિની સીડીના સોપાનો સર ન પણ કરી સક્યા હોત. 'એજ્યુકેશન એન્ડ સિક્રેટ ઓફ લાઈફ' પુસ્તકમાં જે. કૃષ્ણમૂર્તિએ પણ વિદ્યાર્થીની આંતરિક શક્તિ **Energy**ને સ્વયઃ પ્રેરિત કરવા, તેમની જિજ્ઞાસાને પોષે તે રીતે શિક્ષણ આપવાનો આદ્રશ રજૂ કર્યો છે.

માટે વર્ગમાં વિદ્યાર્થીને, ઘરમાં સંતાનો, ઉદ્યોગમાં/કારખાનામાં મજૂરને આપણે તેમના પ્રતિકારનો હકારાત્મક બદલો આપીએ, તેમનામાં રસ દાખવીને, તેમના કાર્યોની કદર કરીને, ઈનામ, શાબાશી જેવા પ્રતિભાવોથી બિરદાવીએ, ઉત્તમ ઉત્તેજકો પૂરા પાડીને, જિજ્ઞાસાવૃત્તિને સંતોષીને, તેમની કયાંક ભૂલ થાય તો પણ સમજપૂર્વક સહનશીલ બની તેમને સુધરવાનો પ્રયત્ન કરીએ, તેમની આત્મસ્થાપનવૃત્તિને બિરદાવીને સતત પ્રેરણાનું પીયૂષપાન કરાવી ધ્યેયગામી બનાવી કાર્યાન્વિત કરી ઉચ્ચ સિદ્ધિપ્રેરણા તરફ લઈ જવાના પ્રયાસો કરવાં જોઈએ. તો હવે પછી આપણા વિદ્યાર્થીઓની/સંતાનોની પ્રગતિ માટે આપણે જાગૃત બની તેમની સાથે શ્રદ્ધાપૂર્વક હકારાત્મક અભિગમ અપનાવી પ્રેરણાનો પુરુષાર્થ કરીએ.